અભંગદ્વાર પાઠશાળા

# તું તારા દિલનો દીવો થા ને !

તું તારા દિલનો દીવો થા ને !
ઓ રે ! ઓ રે ! ઓ ભાયા !

રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા;
એ રે ઉછીનાં ખૂટી જશે ને ઊડી જશે પડછાયા !
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું.

કોડિયું તારું કાચી માટીનું, તેલ દિવેલ છુપાયાં;
નાની સળી અડી ન અડી પરગટશે રંગમાયા !
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું.

આભના સૂરજ ચન્દ્ર ને તારા, મોટા મોટા તેજરાયા;
આતમનો તારો પ્રગટાવ દીવો, તું વિણ સર્વ પરાયા !
ઓ રે ! ઓ રે ઓ ભાયા ! તું.

– ભોગીલાલ ગાંધી 'ઉપવાસી'

Melbourne Shwetambar Jain Sangh

# (૨) શ્રી અજિતનાથ જિન સ્તવન

(નિંદરડી વેરણ હોઈ રહી - એ દેશી)

અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહીયો, કિમ બેસે હો બાવળતરૂ ભૃંગ કે.
અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે. ૧

ગંગાજળમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાળ કે;
સરોવર જલધર જળ વિના, નવિ ચાહે હો જગ ચાતકબાળ કે.
અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે. ૨

કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
આછાં તરૂઅર નવિ ગમે ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે.
અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે. ૩

કમલિની દિનકર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે;
ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમળા નિજ ચિત્ત કે.
અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે. ૪

તિમ પ્રભુશ્યું મુજ મન રમ્યું, બીજા સુર હો નવિ આવે દાય કે;
શ્રીનયવિજય સુગુરૂતણો, વાચક જશ હો નિત નિત ગુણ ગાય કે.
અજિતજિણંદશ્યું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે. ૫

**- મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ**

# (૨) શ્રી અજિતનાથ જિન સ્તવનનો અર્થ

મારી પ્રીતિ શ્રી અજિતનાથ જિનેશ્વર દેવ સાથે બંધાઈ ગઈ છે, એટલે મને બીજા કોઈની સોબત ગમતી નથી. મોગરાના મનોહર ફૂલમાં મુગ્ધ બનેલો ભમરો શું બાવળના ઝાડ પર બેસે ? ન જ બેસે. ૧

(શ્રી જિનવર સાથેની પોતાની પ્રીતના સમર્થનમાં પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે) ગંગાના નિર્મલ નીરમાં ગેલ કરનારા રાજહંસને ખાબોચિયાના ગંધાતા પાણીમાં આનંદ આવે ? ન જ આવે, વળી ચાતક પંખી, મેઘના જળને બદલે સરોવરનું જળ ચાહે ખરું ? ન જ ચાહે. ૨

(પ્રભુ સાથેની પોતાની પ્રીતને દર્શાવતા પૂ. ઉપાધ્યાયજી મ. ગાય છે કે) કોયલ મનોહર આંબાનો મોર-આમ્રમંજરી ખાઈને મધુર શબ્દ કરે છે, તેને બીજાં આછાં-પાંખાં-નાનાં વૃક્ષો ગમતાં જ નથી. ગુણજ્ઞ પુરૂષોને મોટાઓની સાથે જ ગુણાનુરાગ થાય છે. ૩

(પ્રભુ સાથેની પોતાની પ્રીત કેટલી સ્વાભાવિક છે તે વર્ણવતા પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે) સૂર્યવિકાસી કમળ, સૂર્યના કિરણોને ગ્રહણ કરે છે અને ચન્દ્રવિકાસી કુમુદ, ચન્દ્રની સાથે જ પ્રીત ધરાવે છે. પાર્વતી શંકર વિના અને લક્ષ્મી વિષ્ણુ વિના કોઈને ચિત્તથી ચાહતાં નથી. ૪

તે પ્રમાણે મારું મન પ્રભુ સાથે મળ્યું છે, તેને બીજાની સાથે મેળ આવતો જ નથી. તેથી શ્રી નયવિજય પંડિતના શિષ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. નિરંતર તે પ્રભુના ગુણ ગાય છે. ૫